# કચ્છી જૈન ફાઉન્ડેશનને રૂ. ૧૫ કરોડનું માતબર દાન

**મુંબઈઃ** પોતાનું સપનાનું ઘર હોય એવી દરેકને ઈચ્છા હોય, પરંતુ મહાનગર મુંબઈમાં કે તેની ભાગોળે ઘર ખરીદવું એ અનેક લોકો માટે જીવનભર સપનું જ રહી જાય છે. જોકે, કચ્છી ઓસવાળ જૈન સમાજના કંઠી અને અબડાસાના મુંબઈમાં વસતા મધ્યમ વર્ગના પરિવારો માટે આનંદના સમાચાર છે. મુંબઈમાં પોતાનું ઘર નહિ ધરાવતા કે ચાલી સિસ્ટમમાં અથવા ઝૂંપડપટ્ટીમાં દયનીય હાલતમાં રહેતા આ સમાજના તમામ પરિવારોને આવનારાં બે વર્ષમાં પોતાનું ઘર મળી જશે એવી આશા ઊભી થઈ છે.

ત્રીજી જુલાઈએ કચ્છી જૈન ફાઉન્ડેશનના ઉપક્રમે ડોમ્બિવલી (વેસ્ટ)માં ૧૨૫ પરિવારોને ઓનરશિપ ફ્લેટ આપવા યોજાયેલા જાહેર ડ્રો સમારંભમાં અગ્રણી કચ્છી જૈનો દ્વારા પોતાનો એક પણ સધર્મી બાંધવ ઘરવિહોણો ન રહે એ માટે દાનની સરવાણી વહી હતી. સમારંભના અધ્યક્ષ અને મૂળ કચ્છ સણોસરા ગામના ઉદ્યોગપતિ સુંદરજીભાઈ મૂરજીભાઈ નાગડાના ૧૫ કરોડ રૂપિયાના વિક્રમજનક દાનના પગલે દાનનો વરસાદ વરસ્યો હતો. આ પ્રસંગે ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી વસંતભાઈ ગલિયાએ જણાવ્યું હતું કે દાતાઓના આજના પ્રતિસાદથી મને લાગે છે કે આપણા સમાજમાં એક પણ પરિવાર ઘરવિહોણો નહિ રહે. થાણેવાસી કચ્છીઓએ તો દાનની વર્ષામાં મુંબઈને પણ પાછળ રાખી દીધું છે.

તેમણે જણાવ્યું કે ૨૮મી ઓગસ્ટે ડોમ્બિવલી (પૂર્વ)ના નવનીતનગરમાં ૨૬૦ ફ્લેટો જૈન પરિવારોને આપવાનો ડ્રો યોજનામાં આવશે, તેમાં રૂ. ૪૦ કરોડનું દાન મળશે એવી મને ખાતરી છે. નવનીતનગરમાં ૧૦૦૮ ફ્લેટની યોજના છે.

વસંતભાઈએ જણાવ્યું હતું કે મુંબઈમાં પોતાનું ઘર

*ચાલી અથવા ઝૂંપડપટ્ટીમાં રહેતા કચ્છી ઓશવાળ જૈન સમાજના પરિવારોને બે વર્ષમાં ઘર મળશે*

નહિ ધરાવતા લગભગ ૪૫૦૦ પરિવારોની અરજીઓ આવી છે, તેમાંથી નાલાસોપારાના અમર સન્સનગરમાં ૧૨૨ ફ્લેટ, અંબરનાથના પુનિતનગરમાં ૪૯, નાલાસોપારાના એમઆરસીસી પાર્કમાં ૫૯, નાલાસોપારાના અને અંબરનાથના અન્ય પ્રોજેક્ટમાં ૧૦૩ ફ્લેટ એમ કુલ ૩૩૩ ફ્લેટનો કબજો લાભાર્થીઓને અપાઈ ગયો છે. નાલાસોપારાના જ અમર સન્સ અને હેમનગરમાં ૯૦ ફ્લેટોનો ડ્રો થઈ ચૂક્યો છે. આમ, ૫૪૮ ફ્લેટનો ડ્રો થયો છે. ૨૬૦ ફ્લેટના ડ્રો ઓગસ્ટમાં થશે. બાકીના ૭૪૮ ફ્લેટનો ડ્રો આવતા વર્ષ સુધીમાં થશે. આ રીતે ૧૫૫૬ પરિવારો આવતા વર્ષ સુધીમાં ઠરીઠામ થયા હશે અને બાકીના બધા જરૂરતમંદ પરિવારોને જો સમાજનો આવો જબરદસ્ત પ્રતિસાદ મળશે તો ફ્લેટ આપવાની મજબૂત શક્યતા ઊભી થશે.

નીલેશ ગાલાએ મહાજનોને અપીલ કરી કે જે પરિવારો આ ફ્લેટો માટેની દોઢથી બે લાખ રૂપિયાની રકમ ભરવા શક્તિમાન નથી તેમના વતી મહાજનોએ તે રકમ ભરવા માટે બીડું ઝડપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આ ફ્લેટોની કિંમત રૂ. આઠથી દસ લાખ છે. ફાઉન્ડેશનનાં સમારંભમાં સમાજશ્રેષ્ઠીઓ દામજીભાઈ એન્કરવાલા, અમરચંદભાઈ અને ડુંગરશીભાઈ ગાલા, ગાંગજીભાઈ ગાલા, પ્રવીણભાઈ ગાલા, જયેન્દ્રભાઈ ગાલા, શામજીભાઈ વોરા, ચંદ્રકાંતભાઈ ગોગરી, રમણલાલ છગનલાલ દેઢિયા, મહેન્દ્રભાઈ સંગોઈ, અનિલ રતનશી શાહ (અમેરિકા), પીયૂષ સાવલા, શાંતિભાઈ મેકોની, ચંદ્રકાંત શાહ, નીલેશ ગાલા, સુરેશ ગડા, જગદીશ લાપસિયા, પ્રવીણભાઈ નંદુ, શાંતિલાલ દેઢિયા, લક્ષ્મીચંદ કેનિયા, સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. *(જીટીએનએસ સંકલન)*

## વિવેકા બાવાજી પછી વધુ એક મોડેલ નતાશાની આત્મહત્યા

**મુંબઈઃ** સુપર મોડેલ અને પૂર્વ મિસ મોરેશિયસ વિવેકા બાવાજીની આત્મહત્યા કેસમાં પોલીસ હજી ભેદ ઉકેલી શકી નથી ત્યાં વધુ એક ઊભરતી મોડેલ અને અભિનેત્રી નતાશા પડબિદ્રીએ અંધેરીમાં આવેલા પોતાના નિવાસ-સ્થાને ૧૧મી જુલાઈ, રવિવારે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. વારંવાર ફોન કરવા છતાં જવાબ ન આપનારી મોડેલને જોવા તેનો ભાઈ ઘરે ગયો ત્યારે આ ઘટના બહાર આવી હતી. નતાશા ફ્લેટમાં એકલી જ રહેતી હતી. નતાશાએ હતાશામાં અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસ તપાસી રહી છે. ૩૧ વર્ષની નતાશા ડિપ્રેશનથી પીડાતી હતી અને તેની સારવાર સાઈકિયાટ્રિસ્ટ સાથે ચાલતી હતી. *(જીટીએનએસ સંકલન)*



નતાશા પડબિદ્રી



મુંબઈના એક ઉપનગરમાં દસમી જુલાઈ, શનિવારે ભારે વરસાદને કારણે માર્ગો પર ભરાયેલાં પાણીમાં રિક્ષા બંધ થઈ જતાં ધક્કા મારતો રિક્ષાચાલક. *(ફોટોસૌજન્યઃ ઝી ન્યૂઝ ડોટ કોમ)*

## સમાચાર સાર

### પવઈમાં આંતરરાષ્ટ્રીય બર્ડ પાર્ક તૈયાર થશે

**મુંબઈઃ** હવે ઘરઆંગણે મુંબઈગરા માત્ર પુસ્તકોમાં જોયાં હોય એવાં પક્ષીઓનો કલરવ સાંભળી શકશે. પવઈમાં મુંબઈગરાને ટૂંક સમયમાં સિંગાપોરમાં બનાવવામાં આવેલા ઝુરાંગ જેવા બર્ડ પાર્કનાં દર્શન થશે. પવઈમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો બર્ડ પાર્ક તૈયાર થશે તેમ સિંગાપોરના પ્રવાસેથી પરત આવેલાં મુંબઈનાં મેયર શ્રદ્ધા જાધવે જણાવ્યું હતું. પવઈમાં સિંગાપોરના તજજ્ઞોની ટુકડી મુંબઈ આવશે.

### જૈનોલોજીનો અભ્યાસ મુંબઈ યુનિવર્સિટીમાં

**મુંબઈઃ** મુંબઈ યુનિવર્સિટીમાં જૈન ધર્મના તત્ત્વજ્ઞાન પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડતા જૈનોલોજીના અભ્યાસને દિવસે દિવસે ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે. સન ૧૯૯૬માં શરૂ થયેલા આ અભ્યાસમાં અત્યાર સુધીમાં ૪૫ વિદ્યાર્થીએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે.

### ૭/૧૧ બોમ્બધડાકાની ચોથી વરસી

**મુંબઈઃ** ૧૧મી જુલાઈના રોજ થયેલા શ્રેણીબદ્ધ બોમ્બવિસ્ફોટની ચોથી વરસી નિમિત્તે મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ સમારંભ યોજાયો હતો. લોકસભામાં વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજે માહિમ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### નવી લોકલ ટ્રેનમાં હિલચાલ પર કેમેરાની નજર

**મુંબઈઃ** હવે નવી લોકલ ટ્રેનમાં કોચના દરવાજા પર પ્રવાસીઓની હિલચાલ પર નજર રાખવા માટે કેમેરા ગોઠવાશે. આ માટે ડિઝાઈન તૈયાર થઈ રહી છે.

### પુસ્તકાલયોને પુસ્તકપ્રેમીઓનો ભવ્ય પ્રતિસાદ

**મુંબઈઃ** પુસ્તકથી પરિવર્તનના ઉદ્દેશ સાથે શરૂ થયેલા પરિવર્તન પુસ્તકાલયના ત્રણ માસમાં ૯૦ સભ્યો થયા છે, જેમાં ૫૦ ટકા સભ્યો યુવાનો અને બાળકો છે.

### મેન્ટલ હોસ્પિટલના નવીનીકરણની વિચારણા

**મુંબઈઃ** મહારાષ્ટ્રની તમામ મેન્ટલ હોસ્પિટલના નવીનીકરણની યોજના રાજ્ય સરકાર દ્વારા વિચારણા હેઠળ છે. આ નવીનીકરણમાં હોસ્પિટલની આઉટડોર પેશન્ટ (ઓપીડી)ની સુવિધાનો સમાવેશ થશે. મેન્ટલ હોસ્પિટલના નવીનીકરણ દરમિયાન દર્દીઓની સારવાર, દવાઓનો સપ્લાય, ખાણીપીણી, કિચન, લોન્ડ્રી, દર્દીઓનાં કપડાં, પથારી વગેરેનું પણ આધુનિકીકરણ કરાશે. *(જીટીએનએસ સંકલન)*

# એનઆરઆઈ લગ્નોત્સુકો માટે ઇન્ટરનેશનલ મેરેજ બ્યુરો ચલાવતાં પ્રિયા શાહ

**મુંબઈઃ** એમ કહેવાય છે કે મેરેજિસ આર મેઈડ ઈન હેવન, પરંતુ મિસ્ટર રાઈટ કે મિસ રાઈટને તો પૃથ્વી પર જ શોધવાં પડે છે. આ માટે આજે બધાને પ્રોફેશનલ ટચ જોઈએ છે, કારણ કે આ તો જિંદગીભરનો સંબંધ છે. લાઈફ પાર્ટનર શોધવા માટે અને લગ્ન કરાવી આપવા માટે તો વર્ષોથી કોઈ ને કોઈ મિડિયેટર પંડિત, મહારાજ, સગાંસંબંધી, મિત્રો, અંતરંગ વર્તુળ હતાં. એ રીતે લગ્ન તો થતાં, પરંતુ ટિપિકલ એરેન્જ મેરેજ, ન ઊંચાઈ જોવાતી કે ન શિક્ષણ કે ન ઉંમર કે ન સરખા વિચારો કે પસંદગી કે શોખ. તો પણ લગ્નો નિભાવાતા હતાં. જેમ જેમ નવી પેઢી આવતી ગઈ તેમ લોકો એજ્યુકેટેડ થતા ગયા. સમજતા ગયા. આર્થિક રીતે સ્વનિર્ભર થયા. આ તો આપણી જિંદગીનો સવાલ છે, તેમાં કોઈ પણ સમાધાન ન ચાલે.

આજની નવી પેઢીને લગ્ન માટે તો યોગ્ય જીવનસાથી જ જોઈએ. આ માટે પ્રોફેશનલ મેચમેકર છે, જે લગ્નોત્સુક યુવક-યુવતીઓની ઊંચાઈ, વજન, જ્ઞાતિ, શિક્ષણ, દેખાવ, સ્વભાવ, શોખ, સ્ટેટસ બધું જ મેચ કરીને તેમને યોગ્ય પાત્ર બતાવવામાં મદદ કરે છે. નવી પેઢી પોતે કઈ લાઈન લેવી છે કે ડોક્ટર, એન્જિનિયર, સીએ બનવું છે તે માટે સલાહ લે તો લગ્ન માટે કેમ નહિ? આવા લગ્નોત્સુકો માટે મુંબઈમાં ૧૮ વર્ષથી મેરેજ બ્યુરો ચલાવતાં સપ્તપદી ઈન્ટરનેશનલ મેરેજ બ્યુરોનાં ડિરેક્ટર પ્રિયા શાહ છે. ગુજરાતી રીતરિવાજો ધ્યાનમાં રાખી પ્રિયા શાહે મિ. રાઈટ અને મિસ રાઈટની પસંદગી માટે નવો ચીલો પાડ્યો છે. આપણા ગુજરાતી સમાજમાં અત્યાર સુધી કોઈ ન કરી શક્યું તેવું સુંદર કાર્ય પ્રિયા શાહે કર્યું છે. અહીંથી અમેરિકામાં સ્થાયી થયેલા ગુજરાતીઓનાં સંતાનો લગ્નની વયે પહોંચે ત્યારે માતાપિતાને થાય કે વતનમાં જ તેનાં લગ્ન થાય અને આપણી ભારતીય સંસ્કૃતિ તેમનામાં કાયમ રહે. આપણાં સંતાનો આપણી સંસ્કૃતિ પેઢી દર પેઢી જાળવી રાખે તેવી દરેક વાલીઓની ઈચ્છા હોય છે.

આપણાં દીકરી કે દીકરાને ભારતીય મુરતિયો કે કન્યા મળે, લવ મેરેજ થાય કે એરેન્જ મેરેજ, પણ આપણી જ્ઞાતિનું પાત્ર મળે તો ખૂબ જ સારું. અમેરિકામાં કે વિદેશમાં મનગમતું પાત્ર મળે તો ઠીક, નહિ તો રજા મળે ત્યારે બે કે ત્રણ અઠવાડિયાં માટે ભારત આવી પાત્ર શોધવાની ઉતાવળ હોય, અથવા યોગ્ય પાત્ર ન પણ મળે.

પ્રિયા શાહે આ તમામ પાસાંનો વિચાર કરી અમેરિકાથી આવતા આપણા ભારતીયોની તકલીફ જોઈ. તેમણે નક્કી કર્યું કે આપણા ગુજરાતીઓ ઉતાવળમાં સમય લઈને અહીં આવે, એનાથી પણ વધુ ઉતાવળે લગ્ન કરે અને પછી ન ગમે તો છૂટાછેડા થાય. કાં તો ત્રણ અઠવાડિયાંમાં પસંદગી ન મળે તો કુંવારાં પાછાં જાય. આ માટે પ્રિયા શાહ ખૂબ જ ઉચ્ચ શિક્ષણ ધરાવતા પરિવારો માટે ૧૮ વર્ષથી કાર્યરત છે.

અમેરિકાથી ભારત આવેલા તેમના ક્લાયન્ટને તકલીફ ન પડે તે માટે છેલ્લાં ચાર વર્ષથી અમેરિકામાં ન્યૂ જર્સીમાં જ આપણાં ગુજરાતી યુવક-યુવતીઓ અને તેમના વાલીઓને કોઈ પણ એક સ્થળે વર્ષમાં ચાર વાર મેટ્રિમોનિયલ ટુગેધર ફંક્શનમાં ભેગાં કરી મિટિંગ કરે છે. આથી લોકોને એક જ છત નીચે પોતાની પસંદગીનું પાત્ર મળે છે. પ્રિયા શાહ પોતાની બુદ્ધિ, કુશળતા, જજમેન્ટ, ફેસ રીડિંગ અને ગોડગિફ્ટના કારણે દરેક પરિવારને ખૂબ જ નજીકથી મળી બે પરિવારને ભેગા કરાવી આપે છે.

સમાજસેવા માટે પૂરતો સમય આપવા પ્રિયા શાહ આતુર છે. તેમને લોકોને જાગ્રત કરી સરળ માર્ગ દેખાડવો છે. પ્રિયા શાહે તન-મન-ધનથી આ કાર્ય શરૂ કર્યું છે. આથી તેમને આટલી બધી પ્રસિદ્ધિ મળી છે.

પ્રિયા શાહ કહે છે, 'આ બધું કરતાં મને આત્મસંતોષ થાય છે. જેમનામાં પ્રેમ, લાગણી, કોઈના માટે કશું કરી છૂટવાની ભાવના હોય તે જ આ કામ કરી શકે. હજારો લોકોનાં લગ્ન કરાવ્યાં છે. લોકોએ ધાર્યું એના કરતાં સારું પાત્ર શોધી આપવામાં નિમિત્ત બની છું. આથી આ એરેન્જ લવ મેરેજ થાય છે.

પ્રિયા શાહ સાથે વાત કરતાં એક વસ્તુ જાણવા મળી કે આજે આપણે ભલે ભારત જઈ કન્યા કે મુરતિયો શોધીએ છીએ, પરંતુ લગ્ન પછી તેઓ અમેરિકાની લાઈફસ્ટાઈલ, વાતાવરણથી પરિચિત હોતાં નથી અને ઘણાં સેટ થઈ શકતાં નથી. એના કરતાં ભારતથી સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા ગયેલાં, નોકરી માટે ગયેલાં યુવકયુવતીઓની લગ્ન માટે પસંદગી કરવી જોઈએ. આથી અમેરિકાની રહેણીકરણીથી પરિચિત હોય, લગ્ન પછી નોકરી પણ સહેલાઈથી કોઈ પણ શહેરમાં કરી શકે અને સરળતાથી લગ્નજીવન શરૂ કરી શકે.



પ્રિયા શાહ

આવા સારા વિચારો અને માર્ગદર્શન આપતું તેમનું પુસ્તક છેઃ Indian marriage: a complete knowledge of indian wedding book

તેમની વેબસાઈટ છેઃ www.priyashahindianmarriage.com

તેમનું ઈ-મેઈલ છેઃ themarriageofindia@hotmail.com